# તડકેશ્વરમાં પાણીની ટાંકી તૂટવામાં માટીના નમૂનાઓની તપાસ

**રિપોર્ટ** બાદ આગળની કાર્યવાહી થશે, જાન્યુઆરીમાં કૉંક્રિટ મટિરિયલનો GERI અને SVNITના રિપોર્ટ સરકારને મળ્યો

ગાંધીનગરઃ સુરત જિલ્લાના મંડવી તાલુકાના તડકેશ્વર ગામે પાણીની ટાંકી તૂટવાની ઘટનાના તપાસ માટે GERI અને SVNITના નિષ્ણાતો દ્વારા કૉંક્રિટ મટીરિયલ અંગેના અહેવાલ સરકારને સોંપવામાં આવ્યા છે, તેવું સરકાર દ્વારા વિધાનસભામાં જણાવવામાં આવ્યું છે.

કૉંક્રિટ મટીરિયલ અંગેનો રિપોર્ટ GERI દ્વારા 31 જાન્યુઆરી 2026ના રોજ રજૂ કરવામાં આવ્યો હતો, જ્યારે SVNIT દ્વારા આ અંગેનો અહેવાલ 29 જાન્યુઆરી 2026ના રોજ સરકારને સોંપવામાં આવ્યો હતો. અત્યાર સુધી માત્ર કૉંક્રિટ મટીરિયલ સંબંધિત અહેવાલ પ્રાપ્ત થયા છે. ઘટનાના સંપૂર્ણ કારણો જાણવા માટે માટીના નમૂનાઓ (સોઈલ સેમ્પલ)ની તપાસ ચાલી રહી છે. આ તપાસનો રિપોર્ટ મળ્યા બાદ સરકાર દ્વારા આગળની જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

આ ઘટનાને સંદર્ભે સંબંધિત અધિકારીઓ, ઈજારદાર અને પ્રોજેક્ટ મોનીટરીંગ કન્સલ્ટિંગ એજન્સી સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ મામલે પાણી પુરવઠા વિભાગના સંબંધિત ત્રણ અધિકારીઓને ફરજ મોકૂફ હેઠળ મુકવામાં આવ્યા છે. ઘટના અંગે પ્રાથમિક જવાબદારી નિર્ધારિત થતાં આ પગલું લેવામાં આવ્યું છે. તે ઉપરાંત ટાંકીના નિર્માણ કાર્ય સાથે જોડાયેલા ઈજારદાર તેમજ પ્રોજેક્ટ મોનીટરીંગ કન્સલ્ટિંગ એજન્સી સામે પણ કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. બંને સંસ્થાઓને ડીબાર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું સરકાર દ્વારા જણાવાયું છે.

### 94.84 લાખના કામમાં 83.45 લાખ તો ચૂકવી દીધા છે

ગાંધીનગરઃ : સુરત જિલ્લાના મંડવી તાલુકાના તડકેશ્વર ગામે પાણીની ટાંકી તૂટવાની ઘટનાનો સરકારે વિધાનસભામાં સ્વીકાર કર્યો હતો. સરકાર દ્વારા આપવામાં આવેલી વિગત મુજબ આ ટાંકીનું નિર્માણ કાર્ય જયાંતિ સુપર કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ, મહેસાણા (72 ટકા) અને બાબુભાઈ અંબાલાલ પટેલ, મહેસાણા (28 ટકા)ની જ્વોઈન્ટ વેન્ચરને સોંપવામાં આવ્યું હતું. આ કામ 10 ઓગસ્ટ 2022ના એલ.ઓ.આઈ. મુજબ રૂ. 94.84 લાખના ખર્ચે આપવામાં આવ્યું હતું. આ ટાંકીના કામ માટે અત્યાર સુધીમાં કુલ રૂ. 83,45,920ની ચુકવણી કરવામાં આવી છે. જેમાં અલગ અલગ રનિંગ બિલ મુજબ ચુકવણીઓ કરવામાં આવી હતી. 3 જુલાઈ 2023ના રોજ રૂ. 9,48,400, 6 નવેમ્બર 2024ના રોજ રૂ. 9,48,400, 25 માર્ચ 2025ના રોજ રૂ. 28,45,200 અને 5 નવેમ્બર 2025ના રોજ રૂ. 36,03,920ની ચુકવણી કરવામાં આવી હતી.

# છોટાઉદેપુરમાં 16,322 અને નર્મદામાં 8,881 બાળકો કુપોષિત

**રાજ્યના** પાટનગર ગાંધીનગર જિલ્લામાં પણ 6,467 કુપોષિત બાળકો

ગાંધીનગરઃ ગુજરાત રાજ્યમાં બાળકોમાં કુપોષણ સૌથી વધુ છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં જોવા મળે છે. છોટાઉદેપુર જિલ્લામાં કુલ 16,322 કુપોષિત જ્યારે નર્મદા જિલ્લામાં કુલ 8,881 કુપોષિત બાળકો નોંધાયા છે, તેવી માહિતી સરકારે વિધાનસભામાં રજૂ કરી છે.

સરકારી આંકડા મુજબ છોટાઉદેપુર જિલ્લામાં કુલ 16,322 કુપોષિત બાળકો નોંધાયા છે. તાલુકાવાર આંકડા મુજબ બોડેલીમાં 2,569, ક્વાંટમાં 3,002, નસવાડીમાં 2,617, જેટપુર પાવીમાં 2,331, સંખેડામાં 1,201 અને છોટાઉદેપુર તાલુકામાં 4,602 કુપોષિત બાળકો નોંધાયા છે. જ્યારે નર્મદા જિલ્લામાં કુલ 8,881 કુપોષિત બાળકો નોંધાયા છે. તેમાં નાંદોદમાં 1,737, ગરુડેશ્વરમાં 1,308, ડેડીયાપાડામાં 3,541, સાગબારામાં 1,610 અને તિલકવાડામાં 685 બાળકો કુપોષણગ્રસ્ત હોવાનું સરકારના જણાવાયું છે.

સરકારે જણાવ્યું હતું કે, કુપોષણ દૂર કરવા માટે રાજ્યની તમામ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને ફોર્ટિફાઈડ સુપોષિત આહાર આપવામાં આવે છે. ઉપરાંત બાળકના જન્મ પહેલા અને જન્મ પછીના પ્રથમ 1000 દિવસ દરમિયાન પણ પોષણયુક્ત આહાર પૂરો પાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં 2024-25 દરમિયાન રૂ. 28.65 કરોડ અને 2025-26 દરમિયાન 31 જાન્યુઆરી 2026 સુધી રૂ. 25.46 કરોડ ખર્ચવામાં આવ્યા છે. જ્યારે નર્મદા જિલ્લામાં 2024-25 દરમિયાન રૂ. 19.79 કરોડ અને 2025-26 દરમિયાન 31 જાન્યુઆરી 2026 સુધી રૂ. 16.67 કરોડ ખર્ચ કરવામાં આવ્યા હોવાનું સરકારે જણાવ્યું છે.

### અમદાવાદમાં 6,411 અને ગાંધીનગર જિલ્લામાં 6,467 કુપોષિત બાળકો

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાઓમાં પણ નોંધપાત્ર સંખ્યામાં બાળકો કુપોષણથી પીડાઈ રહ્યા છે. અમદાવાદ જિલ્લામાં કુલ 6,411 બાળકો કુપોષણથી પીડાઈ રહ્યા છે. તાલુકાવાર આંકડા મુજબ બાવળામાં 1,091 બાળકો સૌથી વધુ કુપોષણગ્રસ્ત છે. આ ઉપરાંત અમદાવાદ ગ્રામ્યમાં 333, દસક્રોઈમાં 797, દેત્રોજમાં 510, ધંધુકામાં 697, ધોળકામાં 709, માંડલમાં 605, સાણંદમાં 797 અને વિરમગામમાં 872 બાળકો કુપોષણથી પીડાઈ રહ્યા હોવાનું જણાવાયું છે. જ્યારે ગાંધીનગર જિલ્લામાં કુલ 6,467 બાળકો કુપોષણગ્રસ્ત હોવાનું સરકારે જણાવ્યું છે. તાલુકાવાર આંકડા મુજબ દહેગામમાં 1,952 બાળકો સૌથી વધુ કુપોષણથી પીડાઈ રહ્યા છે. ઉપરાંત ગાંધીનગર તાલુકામાં 1,799, કલોલમાં 1,626 અને માણસામાં 1,090 બાળકો કુપોષણગ્રસ્ત હોવાનું નોંધાયું છે.

## ધોલેરા ખાતે ગુજરાતના પ્રથમ સાઉન્ડિંગ રોકેટનું સફળ લોન્ચિંગ

ગાંધીનગરઃ આજે ધોલેરાના બાવળીયારી ખાતે અવકાશ સંશોધન ક્ષેત્રે એક નવો ઈતિહાસ રચાયો છે. અમદાવાદ સ્થિત સ્ટાર્ટઅપ 'ઓમસ્પેસ રોકેટ એન્ડ એક્સપ્લોરેશન પ્રાઈવેટ લિમિટેડ' (OSRE) દ્વારા રાજ્યના પ્રથમ સાઉન્ડિંગ રોકેટનું સફળતાપૂર્વક લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. સ્વદેશી સ્પેસ ટેકનોલોજીને પ્રોત્સાહન આપીને યુવા વૈજ્ઞાનિકો માટે નવી તકોનું સર્જન કરવાનો આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય છે. ૧૪મી માર્ચના રોજ, બાવળીયારી ખાતે નિર્મિત અસ્થાયી લોન્ચિંગ કોમ્પ્લેક્સ પરથી બપોરે ૧:૦૦ વાગ્યે આ સિંગલ-સ્ટેજ સબ-ઓર્બિટલ રોકેટે ઉડાન ભરી હતી. આ રોકેટે અંદાજે ૩ કિલોમીટરની ઊંચાઈ (Apogee) પ્રાપ્ત કરીને પ્રોપલ્શન, એવિઓનિક્સ અને ઓટોનોમસ રિકવરી સિસ્ટમ જેવી જટિલ ટેકનોલોજીનું સફળ પરીક્ષણ કર્યું હતું. આ રોકેટ સાથે હવામાનના ડેટા કલેક્ટ કરી શકે તેવો એક મીની સેટેલાઈટ પણ ઈન્સ્ટોલ કરવામાં આવ્યો હતો. ઓમસ્પેસના સ્થાપક અને CEO ડો. રવિન્દ્ર રાજે જણાવ્યું હતું કે, આ સફળતાથી આગામી સમયમાં ભારતના પ્રથમ સંપૂર્ણ સ્વદેશી રિયુઝેબલ લોન્ચ વ્હીકલ 'ઈન્ફિનિટી વન' (Infinity One) ના નિર્માણનો માર્ગ મોકળો થયો છે.

# અમેરિકા ઈરાનના ખાર્ગ ટાપુ પર હુમલો કરીને કેમ કબજો જમાવવા માગે છે?




યુદ્ધ પોઈન્ટ
સમકિત શાહ

અમેરિકાએ ઈરાનનું હૃદય ગણાતા ખાર્ગ ટાપુ પર હુમલો કર્યો છે. આ હુમલો નિઃશંકપણે ઈરાનને ગુસ્સે કરશે અને બદલો લેવા માટે મજબૂર કરશે. ખાર્ગ ટાપુ ઈરાનના તેલનિકાસ માટે એક મુખ્ય કેન્દ્ર છે. તે દેશની ખનિજ તેલની નિકાસનો આશરે ૯૦ ટકા હિસ્સો ધરાવે છે. ખાર્ગ ટાપુના રસ્તે વાર્ષિક આશરે ૯૫ કરોડ બેરલ ખનિજ તેલ મોકલવામાં આવે છે. આ નાનો ટાપુ લગભગ ૬ કિલોમીટર લાંબો અને ૪ કિલોમીટર પહોળો છે અને ઊંડાં પાણીથી ઘેરાયેલો છે, જેના કારણે મોટાં તેલ-ટેન્કરો સરળતાથી ડોક કરી શકે છે અને ઇંધણ ભરી શકે છે. અહીંથી મોકલવામાં આવતું મોટા ભાગનું તેલ એશિયન દેશો માટે નિર્ધારિત છે, જેમાં ચીન સૌથી મોટો ખરીદદાર છે. ખાર્ગ ટાપુ ઈરાન માટે ખૂબ જ વ્યૂહાત્મક અને આર્થિક મહત્ત્વ ધરાવે છે અને તેથી તેની કડક સુરક્ષાનાં પગલાં લેવામાં આવ્યાં છે. તેની સુરક્ષા મુખ્યત્વે ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) અને ઈરાની નૌકાદળ દ્વારા સંભાળવામાં આવે છે. સમગ્ર વિસ્તારમાં લશ્કરી ચોકીઓ, દેખરેખ પ્રણાલીઓ અને દરિયાકાંઠાના સંરક્ષણ તૈનાત કરવામાં આવ્યા છે. ફક્ત ખાસ પરવાનગી ધરાવતાં કર્મચારીઓ અને અધિકારીઓને જ ખાર્ગ ટાપુની મુલાકાત લેવાની મંજૂરી મળે છે.

ઈરાનના બુશેહર પ્રાંતમાં સ્થિત આ ટાપુ ફક્ત ૨૨ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો છે. તેલની શોધ થઈ તે પહેલાં આ ટાપુ વેપાર અને દરિયાઈ માર્ગો માટે મહત્ત્વપૂર્ણ માનવામાં આવતો હતો. ઇતિહાસમાં વિવિધ સમયે પોર્ટુગીઝ અને ડચ દળોએ તેને કબજે કરવાનો પ્રયાસ કર્યો હતો. ૧૮મી સદીમાં ડચ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ અહીં એક કિલ્લો પણ બનાવ્યો હતો, પરંતુ પછીથી સ્થાનિક શાસકો દ્વારા તેને હાંકી કાઢવામાં આવી હતી. ૨૦મી સદીની શરૂઆતમાં રેઝા શાહ પહલવી દ્વારા ખાર્ગ ટાપુનો ઉપયોગ રાજકીય કેદીઓ માટે દેશનિકાલનાં સ્થળ તરીકે કરવામાં આવતો હતો. ૧૯૫૮ પછી ગલ્ફમાં ખનિજ તેલના ઉદ્યોગનો વિકાસ થયો અને ૧૯૬૦ના દાયકામાં ઇરાનમાં નવા તેલ ભંડારોની શોધ બાદ તે ઈરાનનું મુખ્ય ખનિજ તેલ નિકાસ કેન્દ્ર બન્યું.

ખાર્ગ ટાપુ ફક્ત તેના તેલ માટે જ નહીં પરંતુ તેના પ્રાચીન ઇતિહાસ માટે પણ જાણીતો છે. અહીં ઝોરોસ્ટ્રિયન, ખ્રિસ્તી અને સસાનિયન કાળનાં કબ્રસ્તાન અને ધાર્મિક સ્થળો મળી આવ્યાં છે. મીર મોહમ્મદનું મંદિર, ડચ કિલ્લાના અવશેષો અને પ્રાચીન શિલાલેખો પણ મુખ્ય ઐતિહાસિક સ્થળો છે. ખાર્ગ ટાપુને એક સમયે ઈરાની લેખક જલાલ અલ-એ અહમદે પર્સિયન ગલ્ફનું અનાથ મોતી કહ્યું હતું. તે સમયે આ ટાપુ નિર્જન હતો, પરંતુ તે સમયે તે મહત્ત્વપૂર્ણ હતો અને આજે પણ છે. ૧૯૮૦ના દાયકામાં ઈરાન-ઈરાક યુદ્ધ દરમિયાન આ ટાપુ પર ઘણી વખત બોમ્બમારો કરવામાં આવ્યો હતો. બાદમાં ઈરાને તેનો પુનર્વિકાસ કર્યો હતો.

આજે પણ આ ટાપુને ખૂબ જ સુરક્ષિત લશ્કરી ક્ષેત્ર માનવામાં આવે છે અને સામાન્ય પ્રવાસીઓને તેની મુલાકાત લેવાની મંજૂરી મળતી નથી. પર્સિયન ગલ્ફના શાંત પાણીની વચ્ચે સ્થિત આ નાનો ટાપુ ઈરાનના અર્થતંત્રનું હૃદય બનીને ધબકતો રહે છે અને વૈશ્વિક ઊર્જા રાજકારણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ગયા વર્ષે જૂનમાં ૧૨ દિવસના યુદ્ધ પહેલાં પણ ખાર્ગ ટાપુનું નામ ઇઝરાયલના સંભવિત લક્ષ્યોમાં સામેલ હતું. હવે, ખાર્ગ ટાપુ પરના હુમલા પછી એવી અટકળો તેજ થઈ ગઈ છે કે અમેરિકા આ ટાપુ પર કબજો કરી શકે છે. પેન્ટાગોનના ભૂતપૂર્વ વરિષ્ઠ સલાહકાર માઈકલ રુબિને ગયા અઠવાડિયે જણાવ્યું હતું કે તેમણે ટ્રમ્પ વહીવટી તંત્રના અધિકારીઓ સાથે ખાર્ગ ટાપુના મહત્ત્વ અને તેના પર કબજો કરવાના મુદ્દા અંગે વાત કરી છે. તેમનું માનવું છે કે જો ટ્રમ્પ મિસાઇલ હુમલાઓ અને બોમ્બમારા ઉપરાંત ઈરાન પર દબાણ વધારવા માંગતા હોય, તો ખાર્ગ ટાપુ પર કબજો કરવાથી ઈરાની શાસન એક મહત્ત્વપૂર્ણ નાણાંકીય સ્રોતથી વંચિત રહી શકે છે.

ખાર્ગથી લગભગ ૭૫ કિલોમીટર પશ્ચિમમાં અબુઝાર આવેલું છે, જે ઈરાનનું સૌથી મોટું ઓફશોર ઓઇલ કોમ્પ્લેક્સ છે, જે પર્સિયન ગલ્ફમાં ઈરાનના મોટાભાગના તેલ ઉત્પાદનનો સ્રોત છે. અબુઝાર તેલ ક્ષેત્રમાં ત્રણ મુખ્ય ઉત્પાદન પ્લેટફોર્મ છે, દરેકની ઉત્પાદન ક્ષમતા ૮૦,૦૦૦ બેરલ પ્રતિ દિવસ છે. અબુઝાર તેલ રિફાઇનરી પણ ખાર્ગ ટાપુ પર સ્થિત છે. ઈરાની ઓઈલ ટર્મિનલ્સ કંપનીના જણાવ્યા અનુસાર, ખાર્ગમાં ૪૦ થી વધુ ક્રુડ ઓઈલ સ્ટોરેજ ટેન્ક છે જેની કુલ ક્ષમતા ૨ કરોડ બેરલથી વધુ છે. દેશનાં દક્ષિણ તેલ ક્ષેત્રોમાંથી કાઢવામાં આવતું ક્રુડ ઓઇલ દરિયાની નીચે નાખેલી પાઇપલાઇનો દ્વારા આ ટાંકીઓમાં પહોંચાડવામાં આવે છે.

ખાર્ગ ટાપુ માત્ર ક્રૂડ ઓઇલનો સંગ્રહ જ નથી કરતો, પરંતુ તેલનું માપ પણ લે છે, તેની ગુણવત્તા તપાસે છે અને નિકાસ કરતાં પહેલાં વિવિધ પ્રકારના ક્રુડ ઓઇલનું વર્ગીકરણ કરે છે. ઈરાન પરમાણુ કરાર પછી જ્યારે ઈરાનને તેલનું ઉત્પાદન વધારવા અને તેને અમુક સમય માટે વેચવાની મંજૂરી આપવામાં આવી હતી ત્યારે ઈરાને તેના તેલસંગ્રહ ટાંકીઓનો વિસ્તાર કરવાનો નિર્ણય લીધો હતો, પરંતુ ખાર્ગ ટાપુ પર મર્યાદિત જમીન છે અને ઘણીવાર તોફાની હવામાન રહે છે. તેથી, ૨૦૧૬ માં આશરે ૧ કરોડ બેરલની ક્ષમતા ધરાવતો ઓમિદ તેલ સંગ્રહ પ્રોજેક્ટ બુશેહર પ્રાંતના ગનાવેહ શહેરથી ૨૮ કિલોમીટર દૂર શરૂ કરવામાં આવ્યો હતો. ગણવેહમાં ઓમિદ ઓઇલ ટાંકી સંકુલ સૌથી મોટી ખાનગી ખનિજ તેલ સંગ્રહ સુવિધા હોવાનું કહેવાય છે.

અહીં સ્થિત તેલ સુવિધાઓની નજીક હરણ ફરતાં જોઈ શકાય છે. ઘણાં વર્ષો પહેલાં અહીં હરણનો પ્રવેશ થયો હતો અને તેમની સંખ્યા હવે ટાપુની ક્ષમતા કરતાં વધી ગઈ છે. ખાર્ગ ટાપુ પર બે મુખ્ય દરિયાકિનારા છે, પૂર્વ અને પશ્ચિમ. ૧૯૫૫માં તેલ કંપનીઓના એક સંઘ સાથે થયેલા કરાર બાદ ખાર્ગ ખાતે તેલ લોડિંગ ડોક અને ક્રુડ ઓઇલ સ્ટોરેજ ટેન્કના નિર્માણનું કામ શરૂ થયું. પૂર્વીય બર્થ ટી-આકારનો છે અને તે એક સાથે ૨૭૫,૦૦૦ ટનની ક્ષમતાવાળા છ તેલ ટેન્કરોને સમાવી શકે છે. પશ્ચિમી બર્થમાં ચાર બર્થ છે, જે ૫૦૦,૦૦૦ ટનની ક્ષમતાવાળા ટેન્કરોને તેલ લોડ કરવાની મંજૂરી આપે છે. ખાર્ગ ટાપુ પર ક્રૂડ ઓઇલની ગુણવત્તાના સતત પરીક્ષણ માટે એક રાસાયણિક પ્રયોગશાળા પણ છે. આ પ્રયોગશાળા ISO/IEC ૧૭૦૨૫ ધોરણ અનુસાર પ્રમાણિત છે અને તેને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત પ્રયોગશાળા ગણવામાં આવે છે.

આ ટાપુ પર ખાર્ગ પેટ્રોકેમિકલ કંપની પણ કાર્યરત છે. તેનો ઉદ્દેશ તેલ ઉત્પાદન દરમિયાન મુક્ત થતા વાયુઓને બાળવાને બદલે ઉપયોગી ઉત્પાદનોમાં રૂપાંતરિત કરવાનો છે. આ કંપનીનાં મુખ્ય ઉત્પાદનો મિથેનોલ, સલ્ફર, પ્રોપેન, બ્યુટેન, નેપ્થા છે. ૮,૦૦૦ થી વધુ વસ્તી ધરાવતા આ ટાપુમાં ઇસ્લામિક આઝાદ યુનિવર્સિટીની મરીન સાયન્સ અને આર્ટ્સ જેવી શાખાઓ પણ છે. ત્યાં શીખવવામાં આવતા મહત્ત્વપૂર્ણ વિષયોમાં પેટ્રોલિયમ અને મેરીટાઇમ અભ્યાસનો સમાવેશ થાય છે. ઈરાન-ઈરાક યુદ્ધ દરમિયાન ઈરાનની ૯૦ ટકાથી વધુ ખનિજ તેલની નિકાસ ખાર્ગ ટાપુમાંથી પસાર થતી હતી. પરિણામે ઈરાકે આ નાના ટાપુ પર લગભગ ૨,૮૦૦ વખત હુમલો કર્યો હતો. તે સમયના કુખ્યાત ટેન્કર યુદ્ધનો મોટો ભાગ ખાર્ગ ટાપુની આસપાસ પણ થયો હતો.

આ વખતે ખાર્ગ ટાપુ પર વધુ ધ્યાન ગયું, જ્યારે ઇઝરાયલના ભૂતપૂર્વ વડા પ્રધાન અને દેશના મુખ્ય વિપક્ષી નેતા યાયર લેપિડે તેહરાન અને કારાજ તેલ ડેપો પર હુમલાના એક દિવસ પછી સોશ્યલ મીડિયા પર લખ્યું કે ઇઝરાયલે ખાર્ગ ટાપુ પરના ઈરાનનાં તમામ તેલ ક્ષેત્રો અને ઊર્જા ઉદ્યોગનો નાશ કરવો જોઈએ. આ એક એવું પગલું હશે જે ઈરાનની અર્થવ્યવસ્થાને નષ્ટ કરશે અને સરકારને ઉથલાવી નાખશે. જો કે, ઈરાન કોઈ પણ ભોગે ખાર્ગ ટાપુની રક્ષા કરશે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**ખાર્ગ ટાપુ ફક્ત તેના તેલ માટે જ નહીં પરંતુ તેના પ્રાચીન ઇતિહાસ માટે પણ જાણીતો છે. અહીં ઝોરોસ્ટ્રિયન, ખ્રિસ્તી અને સસાનિયન કાળનાં ધાર્મિક સ્થળો મળી આવ્યાં છે**

## BUSINESS મિત્ર

# શેરબજારમાં 4 વર્ષનો સૌથી મોટો સાપ્તાહિક કડાકો

**સેન્સેક્સ** 4355 પોઈન્ટ તૂટ્યો

**ક્રુડ-ગેસની** અછતની સાથે નબળો રૂપિયો શેરબજારને વધઘટે હજુય નીચે ખેંચી જશે

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 14: પશ્ચિમ એશિયામાં વધતા જતા ભૌગોલિક રાજકીય તણાવને કારણે, ભારતીય શેરબજારમાં સેન્સેક્સ-નિફ્ટીમાં લગભગ ચાર વર્ષના સૌથી વધુ સાપ્તાહિક ઘટાડો જોવા મળ્યો છે. વિતેલા સપ્તાહમાં એક મંગળવારના સત્રને બાદ કરતાં, નબળા વૈશ્વિક સંકેતો, રૂપિયામાં સતત ઘટાડો, એફઆઈઆઈનું સતત વેચાણ અને ક્રૂડ ઓઈલના વધતા ભાવ વચ્ચે બજાર તમામ દિવસોમાં નીચા સ્તરે બંધ રહ્યા હતા. જોકે, હાલની સ્થિતિએ હજુય ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલની મિસાઈલોનો મારો ચાલુ છે અને આ યુદ્ધ ચાલુ જ છે, જેથી આવનારા દિવસોમાં વધુ સ્થિતિ બગડે તો નવાઈ નહીં. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ બંધ હોવાથી ક્રુડના ભાવમાં વધુ ઉછાળો આવે તેવી પુરેપુરી સંભાવના છે, જેનાથી મોંઘવારી વધુ વધશે, જેની સીધી અસર શેરબજાર ઉપર જોવા મળશે અને હજુય શેરબજાર વધઘટે ઘટાડા તરફી રહેવાની સંભાવના છે.

વિતેલા સપ્તાહમાં સેન્સેક્સ 5.51 ટકા એટલે કે 4354.98 પોઈન્ટ ઘટીને 74563.92 પર બંધ રહ્યો હતો, જ્યારે નિફ્ટી 1299.35 પોઈન્ટ એટલે કે 5.31 ટકા ઘટીને 23151.10 પોઈન્ટ પર બંધ રહી હતી. વિતેલા સપ્તાહમાં અઠવાડિયે બીએસઈનો સ્મોલકેપ ઈન્ડેક્સ 3.6 ટકાના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. જેમાં એકિલોન નેક્સસ, સિલ્વર ટચ ટેક્નોલોજીસ, એસઈપીસી, ઈન્ફોબિન્સ ટેક્નોલોજીસ, એમ્બર એન્ટરપ્રાઈઝ ઈન્ડિયા, પીજી ઈલેક્ટ્રોપ્લાસ્ટ, યાશો ઈન્ડસ્ટ્રીઝ, સફાયર ફૂડ્સ ઈન્ડિયા, કેપેસિટ ઈન્ફ્રાપ્રોજેક્ટ્સ, સનટેક રિયલ્ટી, રેઈન ઈન્ડસ્ટ્રીઝ, નેટવર્ક પીપલ સર્વિસીસ ટેક્નોલોજીસ, ડાયનામેટિક ટેક્નોલોજીસ અને પ્રિસીઝન વાયર્સ ઈન્ડિયામાં 22 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. બીજી તરફ કોન્ફિડન્સ પેટ્રોલિયમ, ચેમ્પ્લાસ્ટ સનમાર, જિંદાલ પોલી ફિલ્મ્સ, હેપ્પીએસ્ટ માઈન્ડ્સ ટેક્નોલોજીસ, એપોલો પાઈપ્સ, લિબર્ટી શૂઝ, ટીટીકે પ્રેસ્ટિજ અને વીટીએમમાં 15થી 22 ટકાનો વધારો જોવા મળ્યો હતો. બીએસઈનો લાર્જકેપ ઈન્ડેક્સ 5 ટકાના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. જેમાં પોલીકેબ ઈન્ડિયા, આઈડીબીઆઈ બેન્ક, મીશો, લાર્સન એન્ડ ટુબ્રો, ટીવીએસ મોટર કંપની, અલ્ટ્રાટેક સિમેન્ટ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, આઈશર મોટર્સ, ઈન્ડસઈન્ડ બેન્ક, મારુતિ સુઝુકી ઈન્ડિયા, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ, વરુણ બેવરેજીસ અને ટાટા મોટર્સમાં 10થી 15 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. જ્યારે બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 4.5 ટકાના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. જેમાં કેઈઆઈ ઈન્ડસ્ટ્રીઝ, ભારત ફોર્જ, અશોક લેલેન્ડ, શેફલર ઈન્ડિયા, કોલગેટ પામોલિવ (ભારત), ધ રેમ્કો સિમેન્ટ્સ, આઈડીએફસી ફર્સ્ટ બેંક, હેક્સાવેર ટેક્નોલોજીસ, ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ અને એપીએલ એપોલો ટ્યુબ્સમાં 10થી 15 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. બીજી તરફ, પ્રીમિયર એનર્જીઝ, એલટી ટેક્નોલોજી સર્વિસિસ, અરવિંદ ફાર્મા, આઈપીસીએ લેબોરેટરીઝ, બ્રેઈનબીઝ સોલ્યુશન્સ, સુઝલોન એનર્જી અને ડિક્સન ટેક્નોલોજીસ. બીજી તરફ અદાણી ટોટલ ગેસ, એનટીપીસી ગ્રીન એનર્જી, કોલ ઈન્ડિયા, અદાણી પાવર, એબીબી ઈન્ડિયા અને ટાટા પાવર કંપનીમાં 5થી 17 ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. આ સપ્તાહમાં એસબીઆઈના માર્કેટ કેપમાં ગાબડું પડ્યું હતું, ત્યારપછી લાર્સન એન્ડ ટુબ્રો, એચડીએફસી બેંક અને બજાજ ફાઈનાન્સમાં દબાણ આવ્યું હતું. બીજી તરફ એનટીપીસી, પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા અને સન ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીઝના માર્કેટ કેપિટલાઈઝેશનમાં વધારો જોવા મળ્યો છે. ઓટો અને બેન્કિંગ શેરોમાં તીવ્ર ઘટાડાને કારણે તમામ સેકટરો લાલ નિશાનમાં બંધ થયા હતા. નિફ્ટી ઓટો ઈન્ડેક્સ 10.6 ટકા, નિફ્ટી પીએસયુ બેન્ક 7.2 ટકા, નિફ્ટી ડિફેન્સ અને નિફ્ટી પ્રાઈવેટ બેન્ક 7-7 ટકા, જ્યારે નિફ્ટી મેટલ 6 ટકા ઘટ્યા હતા. સતત ભૌગોલિક રાજકીય તણાવ વચ્ચે શુક્રવારના સત્રમાં ભારતીય રૂપિયો સતત બીજા સપ્તાહે સતત ઘટ્યો હતો, જે અમેરિકન ડોલર સામે 92.47 ની નવી રેકોર્ડ નીચી સપાટીએ પહોંચ્યો હતો.

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૩૦૦૦ |
| તેજાબી સોનું | ૧૬૨૯૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૪૮૫૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૫૯૭૪૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૩૦૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૬૩૩૦૦ |
| ચાંદી સિક્કા | ૨૬૪૮૦૦ |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ '' | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ '' | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

# ફક્ત પોર્ટલ પર નોટિસ બનાવવી પૂરતી નથી, અન્ય માધ્યમ મારફત કરવી જરૂરી.. ના. મદ્રાસ હાઇકોર્ટનો અગત્યનો ચૂકાદો

**કાયદાની કેડીએ...**
ઈશ્વર રૂદલાલ

GST કાયદાની કલમ 169માં ફાયદા કે નિયમો હેઠળ નં. આદેશ સમન્સ કે નોટિસ બજાવવાની પધ્ધતિ કરાવવમાં આવી છે. પરંતુ ઘણીવાર વગર એવું બનતું હોય કે કરદાતાને બજાવાયેલ નોટિસની જાણ હોતી નથી અને તેમના દ્વારા નોટિસનો કોઈ પ્રત્યુતર ન આપવામાં આવે તો તેની વિરૂધ્ધ એક તરફી આદેશ પસાર કરવામાં આવે છે. ત્યારે... કરદાતાને સાંભળવાની તક આપવા અન્ય માધ્યમ મારફત નોટિસની બજવણી કરવી જરૂરી છે. એવો અગત્યનો ચૂકાદો તાજેતરમાં મદ્રાસ હાઈકોર્ટે આપ્યો છે. ખેર! નામદાર મદ્રાસ હાઈકોર્ટના ટી. અશોકકુમાર કોન્ટ્રાક્ટર વિ. ડે. સ્ટેટ ટેક્ષ ઓફિસર ટી.પી.નં. 2698/2026 તા. 2-2-26ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો....

**હકીકત....**

ટી. અશોકકુમાર કોન્ટ્રાક્ટરના કેસની હકીકત મુજબ અરજદારને તમામ નોટિસો જીએસટી કોમન પોર્ટલ પર બજાવવામાં આવેલી જેની તેમને જાણ ન હોવાથી તે નોટિસનો તેમના દ્વારા પ્રત્યુતર આપવામાં આવેલ ન હતો અને તેથી વ્યક્તિગત સુનાવણીની તક આપ્યા વગર અરજદાર વિરૂધ્ધ તા. 19-8-25નો આદેશ પસાર કરવામાં આવેલ હતો અને તેથી તે આદેશથી નારાજ અરજદાર દ્વારા ના. હાઈકોર્ટ સમક્ષ રાટ-પીટીશન ફાઈલ કરવામા આવી હતી અને તે આદેશ દૂર કરી તેમને સાંભળવાની તક આપવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

**ચૂકાદો....**

નામદાર હાઈકોર્ટે ચૂકાદો આપતા જણાવ્યું કે આ કેસમાં વ્યક્તિગત સુનાવણીની તક આપ્યા વગર આદેશ પસાર કરવામા આવ્યો છે. ના. હાઈકોર્ટે સ્વીકાર કર્યો કે પોર્ટલ પર બજાવેલ નોટિસ કાયદેસર રીતે પૂરતી બજવણી ગણાય. આમ છતાં.... ના. હાઈકોર્ટના મતે, અધિકારી દ્વારા વારંવાર રીમાઈન્ડર આપવા છતાં કરદાતા દ્વારા પ્રત્યુતર આપવામા આવેલ નહીં તો કલમ 169 અનુસાર નોટિસની બજવણીની જે વૈકલ્પિક પધ્ધિઓ છે તે પૈકી અન્ય પધ્ધતિઓ દ્વારા બજવણી કરવી જોઈએ. જો આમ ન કરવામા આવે તો તેને નોટિસની અસરકારક બજવણી ગણી શકાય નહીં અને તે ફક્ત ઔપરાચિક પરિપૂર્ણ કરવા બાબત ગણાય અને આમ એકતરફી આદેશ પસાર કરવામા આવે તો કોઈ ઉપયોગી હેતુ સિધ્ધ થતો નથી. પરંતુ ફક્ત વિચારોનો માર્ગ મોકળો થશે અને અપીલ ઓથોરીટી ટ્રિબ્યુનલ કે આ કોર્ટનો કિંમતી સમય વેડફાશે અને ના હાઈકોર્ટે સ્પષ્ટ સૂચના આપી કે કોઈ એક પધ્ધતિથી અપાયેલ જવાબ ન આપવામા આવે તો અન્ય માધ્યમ ખાસ કરીને RPADથી નોટિસ બજાવવી જોઈએ.

એમ જણાવી તા. 19-08-2025નો આદેશ રદ કરીને અરજદારને 3 અઠવાડિયામા તેનો જવાબ આપવા અને ત્યારબાદ અધિકારીને અરજદારને વ્યક્તિગત સાંભળવા ચોખ્ખા 14 દિવસનો સમય આપવા અને ત્યારબાદ બનતી ઉતાવળે કાયદાઅનુસાર હુકમ પસાર કરવા ફરમાવ્યું.

### AIF: સૌથી વધુ 12 ગણી વૃદ્ધિ સાથે 12 લાખ કરોડનું માર્કેટ બન્યું

# રોકાણકારોનો બદલાતો મિજાજ: બેંક ડિપોઝિટ છોડી માર્કેટ તરફ પ્રયાણ

**હાલમાં** ભારતમાં પરિવારોની નાણાકીય સંપત્તિ લગભગ 19.3 ટ્રિલિયન ડોલર છે: વૈદ્યનાથન

**બેન્ક** ડિપોઝીટમાં અઢી ગણો વધારો, જ્યારે મ્યુચ્યુઅલ ફંડમાં 7 ગણો વધારો નોંધાયો

નવી દિલ્હી, તા. 14: રોકાણકારો બચત માટે પરંપરાગત બેંક ડિપોઝિટથી બજાર સાથે જોડાયેલા રોકાણો તરફ આગળ વધી રહ્યા છે. માર્કેટ લિંક્ડ રોકાણોમાં મ્યુચ્યુઅલ ફંડ્સ, પોર્ટફોલિયો મેનેજમેન્ટ સર્વિસીસ (પીએમએસ) અને વૈકલ્પિક રોકાણ ભંડોળ (એઆઈએફ)ને સામેલ કરી રહ્યા છે. આઈડીએફસી ફર્સ્ટ બેન્કના એમડી વૈદ્યનાથને ગ્લોબલ વેલ્થ સમિટમાં ભારતમાં પરિવારોના સંપત્તિના માળખામાં આવેલા પરિવર્તન વિશે જણાવતા કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં દેશમાં નાણાકીય સંપત્તિનો આધાર નોંધપાત્ર રીતે વિસ્તર્યો છે. આનું કારણ એ છે કે રોકાણકારો હવે બેંક થાપણોને બદલે અન્ય વિકલ્પોમાં રસ દાખવી રહ્યા છે. હાલમાં, ભારતમાં પરિવારોની નાણાકીય સંપત્તિ લગભગ 19.3 ટ્રિલિયન ડોલર છે. ઘરગથ્થુ સંપત્તિમાં નાણાકીય ઉત્પાદનોનો હિસ્સો વધી રહ્યો છે.

# પશ્ચિમ એશિયાનું સંકટ: ભારતીય ઓટો સેક્ટર પર 'બેવડો ફટકો'

**ભૂરાજકીય** અસ્થિરતા અને કોમોડિટીના ભાવ વધતા 'ડબલ માર'ની ભીતિ

**નિફ્ટી** ઓટો ઇન્ડેક્સ 12 ટકા તૂટયો, ઓટો કંપનીઓના નફાના માર્જિનમાં ઘટાડો થવાની દહેશત

નવી દિલ્હી, તા. 14: પશ્ચિમ એશિયાના તણાવથી સૌથી વધુ ભારતના ઓટો ઉદ્યોગને અસર પડી રહી છે, જેમાં ભૂરાજકીય તણાવની સાથે કોમોડિટીઝના ભાવ ઉછળતા બેવડો ફટકો પડી શકે છે. સરકારના જીએસટી દર ઘટવાના લીધે માગમાં વધારો થયો હતો, તે ઓસરી જવાની દહેશત સેવાઈ રહી છે. વિવિધ બ્રોકરેજ હાઉસીસે પણ ઓટો સેકટર માટે ચિંતા વ્યક્ત કરી છે. મેક્વાયરી, જેપી મોર્ગન અને નોમુરાએ ઓટો સેક્ટર પર રિપોર્ટ રજૂ કર્યા છે. મેક્વાયરી કહે છે કે મેક્રો અનિશ્ચિતતા એ ઓટોમાં વૃદ્ધિ સાથે સંકળાયેલું જોખમ છે. ગેસ સપ્લાયે માર્ચમાં ઉત્પાદનને અસર કરી છે. આ ક્ષેત્રમાં માંગ અને માર્જિન માટે કમાણીનું જોખમ છે. ઓટો સેક્ટરમાં અનિશ્ચિતતા માર્જિનને અસર કરશે. આને કારણે, ઘણા ઓટો શેરો અન્ડરપર્ફોર્મ કરી શકે છે. જેપી મોર્ગન કહે છે કે પશ્ચિમ એશિયા યુદ્ધની ઓટો પર ખરાબ અસર પડી શકે છે. કોમોડિટીના ભાવમાં વધારાને કારણે ઓટો કંપનીઓની કિંમત વધશે. ગેસ સપ્લાય કટોકટી તેમના ઉત્પાદનને અસર કરી શકે છે.